# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. આજે રાજ્યમંત્રીમંડળની યોજાનારી બેઠકમાં ટેકાના ભાવે ચાલી રહેલી ખરીદી, રાહત સહાય અને ખાતરની અછત અંગે ચર્ચા કરાશે
2. નવસારીમાં આજે તૈયાર થયેલા અદ્યતન સુવિધાથી સજ્જ બસ પોર્ટનું મુખ્યમંત્રી લોકાર્પણ કરશે
3. રાષ્ટ્રવિરોધી તત્વોની સઘન તપાસ ઝુંબેશ અંતર્ગત 31 હજાર 834 આરોપીઓની ગુજરાત પોલીસે ચકાસણી કરી
4. સ્ટેટ મોનિટરિંગ સેલે કચ્છમાંથી બે અલગ અલગ કેસ કરીને ત્રણ કરોડ કરતાં વધુનો વિદેશી બનાવટનો દારૂ જપ્ત કર્યો
5. એશિયન ફૂટબોલ કોન્ફેડરેશન ક્વોલિફાયરની અમદાવાદમાં રમાયેલી લેબેનોન અને પેલેસ્ટાઇન વચ્ચેની મેચ ડ્રો

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CABINET MEETING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક આજે મળશે.આ કેબિનેટ બેઠક રાજ્યભરમાં ટેકાના ભાવે ચાલી રહેલી ખરીદી, રાહત સહાય અને ખાતરની અછત અંગે ચર્ચા કરાશે.

તે ઉપરાંત રાજયભરમાં યોજાઇ રહેલી એકતા યાત્રાના અને રાજ્ય સરકારની આગામી ચિંતન શિબિર પર ચર્ચા થશે

અમદાવાદના સંભવિત કોમનવેલ્થ ગેમ્સની જાહેરાત સંદર્ભે ઔપચારિક ચર્ચાની સાથોસાથ આગામી સરકારી અનેક કાર્યક્રમો અંગે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

---

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 30 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત " કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128-મી કડી હશે.

લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને મંતવ્ય ટૉલફ્રી નંબર 1800-11-7800 પર મોકલી શકશે. તેઓ નરેન્દ્ર મોદી ઍપ અથવા MYGOV ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના મંતવ્ય મોકલી શકે છે. આ ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને ટૂંકી સંદેશ સેવા – SMSના માધ્યમથી પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકશે. મંતવ્ય સ્વીકારવાનો છેલ્લો દિવસ 28 નવેમ્બર રહેશે.

# CM NAVSARI BUS PORT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના 13માં અદ્યતન બસ પોર્ટનું આજે નવસારીમાં લોકાર્પણ કરશે.

આ અદ્યતન સુવિધા વાળુ 82 કરોડના ખર્ચે નવનિર્મિત અદ્યતન બસપોર્ટના લોકાર્પણમાં કેન્દ્રિય જલ શક્તિ મંત્રી સી.આર. પાટીલ અને રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ જોડાશે.

પી.પી.પી. ધોરણે નિર્માણ પામતા આવા બસપોર્ટમાં મુસાફરોની સુગમતા માટે ડિલક્ષ વેઈટીંગ રૂમ , આર.ઓ. પાણીની વ્યવસ્થા , દિવ્યાંગજનો માટે વ્હિલચેરની સુવિધા અને સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે.

અત્યાર સુધીમાં રાજ્યમાં આવા ૧૨ બસપોર્ટનું નિર્માણ થયું છે.

---

# DGP ACCUSSED VERIFICATION

ગુજરાત પોલીસના વિશેષ અભિયાન દરમિયાનમાં 100 કલાકમાં રાષ્ટ્રવિરોધી તત્વોની સઘન તપાસ હાથ ધરાઇ રહી છે.

જે અંતર્ગત છેલ્લા 30 વર્ષમાં રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ગુનાના 31 હજાર 834 આરોપીઓની ચકાસણી કરવામાં આવી છે.

અન લૉ ફુલ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ, TADA, NDPS, આર્મ્સ, એક્સપ્લોઝિવ એક્ટ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓનો 30 વર્ષની માહિતી તપાસ આ આરોપીઓની હાલની પ્રવૃત્તિઓ અને નોકરી સહિતની વિગતોની તલસ્પર્શી ચકાસણી કરાઇ રહી છે.

BYTE- DEVELOPMENT ASSISTANCE, DGP GUJARAT

અત્યાર સુધીમાં મળેવી વિગતો અનુસાર 3 હજાર 744 આરોપીઓએ પોતાના સરનામાં બદલી નાખ્યા હતા અને નવા સરનામા આધારે પણ ચેકીંગ કાર્યવાહી કરાશે. આ તપાસ દરમિયાન 4 હજાર 506 આરોપીઓ ગુજરાત રાજ્યની બહારના હોવાનું બહાર આવ્યું છે.

---

## SMC RAID

સ્ટેટ મોનિટરિંગ સેલે પશ્ચિમ કચ્છના મુન્દ્રા વિસ્તારમાં ગેરકાયદે IMFL દારૂના મોટા જથ્થાની હેરાફેરીના બે અલગ-અલગ કેસોમાં કાર્યવાહી કરી છે.પ્રથમ કેસમાં, મુન્દ્રા નજીકથી એક ટ્રેલરમાંથી વિદેશી દારૂ સાથે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.જ્યારે અન્ય કેસમાં મુન્દ્રા પોર્ટ રેલવે સ્ટેશન પાસે કન્ટેનરમાંથી દારુ મળી આવ્યો હતો.આ બને કેસમાં થઇને 3 કરોડ 26 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો હોવાનું સ્ટેટ મોનિટરિંગ સેલના પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાએ જણાવ્યું હતું.

BYTE- MAYUR SINGH CHAVDA, SP SMC

---

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**GONG MUSIC**

# CHOTILA ARREST

સુરેન્દ્રનગર જીલ્લાની ચોટીલા પોલીસે ધાડ કે ATM તોડવાનો ગુનો આચરે તે પહેલા જ પાંચ સાગરિતોની ગેંગને ઝડપી લેવામાં સફળતા મેળવી છે ચોટીલા પોલીસે ચોટીલાનો એક શખ્સ, રાજકોટ નો એક, ત્રણ પરપ્રાંતીય શખ્સો મળી કુલ પાંચ આરોપીને 2.50 લાખથી વધુના મુદામાલ સાથે ઝડપી પાડ્યા છે,આરોપીઓ પાસેથી દેશી રિવોલ્વર, બે કારતૂસ, હથોડી, આરી,ગેસની 8 નાની બોટલ ,6 મોબાઈલ, એક ફોર વ્હીલ ગાડી, મળી આવ્યા છે,પકડાયેલ શખ્સોમાંથી એક આરોપી અગાઉ નકલી નોટ પ્રકરણમાં સંડોવાયો હોવાનું પ્રાથમિક રીતે બહાર આવ્યું હોવાનું સુરેન્દ્રનગર જીલ્લાના પોલીસ અધિક્ષક પ્રેમ સુખ ડેલુએ જણાવ્યું હતું.

BYTE- PREM SUKH DELU, S P SURENDRANAGAR

---------------------------------------------------------------------------------------

# UNITY MARCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતીકાલે કરમસદ થી કેવડિયા સુધીની રાષ્ટ્રીય એકતા પદયાત્રાના શુભારંભ કરાશે.કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા સહિતના કેન્દ્રિય અધિકારીઓ પણ જોડાશે.

26 મી નવેમ્બર એટલે કે આવતીકાલે બંધારણ દિવસે નિમિત્તે સમગ્ર ભારતમાં લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના અવસરની ઉજવણી નિમિત્તે રાષ્ટ્રીય પદયાત્રા આયોજન કરાયું છે.

સરદાર પટેલના એકતા અને અખંડિતતાના સંદેશને જન જન સુધી પહોંચાડવાનો પ્રયાસ આ રાષ્ટ્રીય એકતા પદયાત્રા થકી કરાયો છે.

રાષ્ટ્રીય પદયાત્રામાં સરદાર ગાથા સભા અને ગ્રામસભાઓ યોજાશે.આ પદયાત્રાના રૂટમાં કુલ ૧૧ સરદાર ગાથા સભા તેમજ ૧૦ ગ્રામસભાનું ભવ્ય આયોજન કરાયું છે.

---------------------------------------------------------------------------------------------

## AHMEDABAD BLO

અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝૂંબેશ અંતર્ગત શહેર-જિલ્લાના 21 વિધાનસભા વિસ્તારોમાં BLO દ્વારા એન્યુમરેશન ફોર્મ વિતરણ અને પરત કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

જે અંતર્ગત અમદાવાદના એલિસબ્રિજ વિધાનસભા વિસ્તારમાં મતદારો માટે એન્યુમરેશન ફોર્મ પરત આપવા મતદાર ચૂંટણી અધિકારી દ્વારા અનુરોધ કરાયો છે.

મતદારોને અપાયેલા એન્યુમરેશન ફોર્મમાં આપેલા નંબર થકી મતદારો પોતાના BLOનો સંપર્ક કરી શકશે.

---------------------------------------------------------------------------------------------

## FOOTBALL

એશિયન ફૂટબોલ કોન્ફેડરેશન ક્વોલિફાયર 2025 ની અમદાવાદમાં રમાયેલી લેબેનોન અને પેલેસ્ટાઇન વચ્ચેની મેચ ડ્રોમાં પરિણમી હતી..ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશન , ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસીએશન અને સ્પોર્ટ્સ ઓથોરેટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત , આ ટુર્નામેન્ટની ગ્રુપ Dની મેચમાં બંને

ટિમોએ આક્રમક રમતનું પ્રદર્શન કર્યું હતું પરંતુ મેચ ના અંતે સ્કોર 1-1 રહેતા મેચ ડ્રો ગઇ હતી. જ્યારે અગાઉ રમાયેલી પહેલી મેચમાં ઇરાનનો 5-0થી વિજય થયો હતો. ભારતની યજમાનીમાં ઈરાન , પેલેસ્ટાઈન, ચાઈનિઝ તાઈપેઈ અને લેબનાન ની ટીમો આ ટૂર્નામેન્ટમાં ભાગ લઇ રહી છે.

---

## VOCAL FOR LOCAL

રાજ્યના 16 શહેરમાં આ સમગ્ર વર્ષમાં યોજાયેલા સ્વદેશી મેળાઓમાં 10 કરોડ રૂપિયાથી વધુનું વેચાણ નોંધાયું છે. સત્તાવાર યાદી મુજબ , બે મહિનાના સમયગાળામાં 40 લાખ 50 હજારથી વધુ લોકોએ આ મેળાઓની મુલાકાત લીધી છે.

(V/C- PRAVESH ADIACHA)

(.... શહેરી વિકાસ વર્ષ 2025 અંતર્ગત રાજ્યભરમાં 10 સપ્ટેમ્બરથી 31 ઑક્ટોબર દરમિયાન સ્વદેશી મેળો યોજાયો. ભાવનગર , ગાંધીનગર, જુનાગઢ, રાજકોટ, સુરત સહિત 16 શહેરમાં યોજાયેલા પ્લાસ્ટિકમુક્ત સ્વદેશી મેળાઓમાં નાગરિકો, સ્વસહાય જૂથના સભ્યો, સ્થાનિક કારીગરો અને ધંધાર્થીઓ જોડાયા હતા. મેળાઓમાં 540 જેટલા સ્વસહાય જૂથને બે હજાર 707 હાટડી ફાળવવામાં આવી હતી. ડિસેમ્બર મહિનામાં અમદાવાદમાં સ્વદેશીને પ્રોત્સાહન આપતો ખરીદ મહોત્સવ અને આગામી સમયમાં નગરપાલિકા વિસ્તારોમાં સ્વદેશી મેળાઓ પણ યોજાશે.)

પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)